ગાંધીનગર સમાચાર





ઠંડીની અસર - છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટતું જાય છે... ઠંડીનો ચમકારો સૌને ધ્રુજાવે છે... શિયાળાનો વિધિવત આરંભ અનુભવાય છે... શહેરીજનો ગરમ વસ્ત્રોની ખરીદીમાં જોડાયા છે... પ્રતિવર્ષની જેમ તિબેટીયન બજાર આરંભાયું છે... રંગબેરંગી સ્વેટર, જાકીટ વગેરેની ખરીદી માટે શિયાળાના આરંભથી જ ઉત્સાહ વર્તાતો હોય એમ લાગે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી આરોગ્યતંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે

## દસ રોગ અંગે સર્વે હાથ ધરાશે : નવી આરોગ્ય નીતિ તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આજથી આરોગ્ય તંત્ર દ્વારા ૧૦ રોગોને લઈ ખાસ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીનો આરંભ થઈ રહ્યો છે.

જિલ્લામાં એક મલ્ટીપરપઝ હેલ્થ વર્કર રોજના ૩૦ ઘરનો સર્વે કરશે. ૩૫ જેટલી નાની પ્રશ્નોત્તરી સાથે આ રિપોર્ટ તૈયાર થશે. જેમાં ઘરમાં અંધત્વ, ચશ્મા, મોતિયો, બ્લડપ્રેશર, ટી.બી., રક્તપિત્ત, ચામડીના રોગ, કેન્સર સહિતની બિમારીથી પિડાતી વ્યક્તીઓની માહિતી એકત્ર કરવામાં આવશે.

બે માસથી પણ વધુ સમય સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલશે. મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર આગામી વર્ષે નવી આરોગ્ય નીતિ અમલી બનાવવા જઈ રહી છે અને તે માટે આ સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે.

વાહકજન્ય રોગચાળો તેમજ પાણીજન્ય રોગોને પણ આ સર્વેલન્સમાં સમાવી લેવામાં આવ્યા છે. શાળા આરોગ્ય ચકાસણી પછી તંત્ર દ્વારા આ બીજો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં છ લાખથી પણ વધુ મકાનોને સર્વેલન્સમાં આવરી લેવામાં આવનાર છે. આ માટે તંત્ર દ્વારા પુરતી તૈયારીઓ થઈ ચુકી છે. આ માટે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોને પણ ખાસ તાલીમ આપવામાં આવી હતી.

જિલ્લામાં તંત્ર દ્વારા આ અંગે દરેક આરોગ્ય કેન્દ્ર પર પ્રશ્નોત્તરી સાથેના ફોર્મ મોકલી આપવામાં આવ્યા છે.

# ખર્ચ નિયંત્રણ અને ચકાસણી માટે ચાર અધિકારીઓ નિયુક્ત કરાયા

## જિલ્લા કલેક્ટર દ્વારા જારી કરાયેલા હુકમ : દર ચાર દિવસે હિસાબો ઉમેદવારે રજુ કરવા પડશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે ખર્ચ મર્યાદા નિયત કરી હોવાથી ઉમેદવારોના ખર્ચની ચકાસણી માટે ૪ અધિકારીઓની જિલ્લા કલેક્ટરશ્રીએ નિમણુંક કરી છે.

ઉમેદવારોની હરિફ યાદી આખરી થયેથી દર ચોથા દિવસે ઉમેદવારોએ તેમના હિસાબો આ ચકાસણી અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે. જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કરેલા આદેશમાં જણાવ્યું છે કે આ અધિકારીઓ સમયાંતરે ચૂંટણી અધિકારી તેમજ નિરીક્ષકશ્રીને તેમનો અહેવાલ આપવાનો રહેશે.

જિલ્લા પંચાયતના હિસાબોની ચકાસણી માટે જિલ્લા તિજોરી અધિકારીશ્રી દર્શન દવેની નિયુક્તી કરાઈ છે. જે ૩૦ બેઠકો પરના ઉમેદવારોના ખર્ચની ચકાસણી કરશે.

આ ચૂંટણી સાથે યોજાઈ રહેલ દહેગામ અને કલોલ ન.પા.ની ચૂંટણી પણ યોજાઈ રહી હોવાથી આ માટેના ખર્ચ નિયંત્રણ અધિકારીઓ પણ નિયુક્ત્ત કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના ઉમેદવારોના ખર્ચ રજીસ્ટરોની ચકાસણી માટે શ્રી જે.જી. રહેવર સેલ્સ ટેક્ષ ઓફિસરની નિયુક્તી કરવામાં આવી છે. કલોલ નગરપાલિકા તથા કલોલ તા.પં.ના ઉમેદવારોના રજીસ્ટરની ચકાસણી માટે શ્રી એન.એ. ચૌધરી સેલ્સટેક્ષ અધિકારીની નિયુક્તી કરવામાં આવી છે.

માણસા તાલુકા પંચાયત માટે સેલ્સટેક્ષ ઓફિસરશ્રી જે.એન. રાઠોડની નિયુક્તી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૫ પર

# શહેરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ કંગાળ હાલતમાં

## બ્યુટીફીકેશનના નામે મીંડુ : સેન્ટ્રલ વર્જમાં જાડી જાંખરા ઉગી નિકળ્યા : યોગ્ય સફાઈ પણ થતી નથી

ગાંધીનગર તા ૩૦

શહેરના સેન્ટ્રલ વર્જમાં સફાઈ અને યોગ્ય જાળવણી ન થતા માર્ગોની વચાળે જ કંગાળ ચિત્ર ઉપસી આવ્યુ છે. ખાસ કરીને શહેરના ઉભા રસ્તાઓ પર માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ઉગી નિકળેલા જાડી જાંખરાની પણ યોગ્ય સફાઈ થતી નથી. જયારે સેન્ટ્રલ વર્જમાં બ્યુટીફીકેશનના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે.

શહેરમાં રોડ નેટવર્ક પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. રસ્તાઓની જાળવણી તેમજ નવિનીકરણ માટે વર્ષ દરમિયાન તોતિંગ ખર્ચ કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિજ્ઞાન પ્રવાહમાં ફિઝિકસ અને કેમેસ્ટ્રીમાં ૬ પ્રશ્નો અટપટા

## અટપટા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ મુંઝાયા એકંદરે બન્ને પ્રશ્ન પેપર સરળ પરંતુ ભૌતિક વિજ્ઞાનમાં ચાર અને કેમેસ્ટ્રીમાં બે પ્રશ્નોએ વિદ્યાથીઓને ગોથે ચડાવ્યા

ગાંધીનગર તા ૩૦

આજથી શરૂ થયેલી ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ત્રણની પરિક્ષામાં ભૌતિક વિજ્ઞાનનુ પેપર પ્રમાણમાં સરળ અને પાઠયપુસ્તક આધારિત હતુ પરંતુ પ્રશ્નપત્રમાં ચાર પ્રશ્નોમાં ભુલ હોવાથી વિદ્યાર્થીઓએ આ સવાલોના ઉત્તર આપવામાં મુંઝવણ અનુભવી હતી. જયારે પ્રશ્નપેપરમાં અન્ય તમામ પ્રશ્નો ટેક્ષબુક આધારિત હતા.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેમેસ્ટર ૩ માં આજે ભૌતિક

● અનુસંધાન પાન-૭ પર

## વિવિધ પ્રકારની કેન્ડલ બાજરમાં....



(તસવીર : કશ્યપ નિમાવત)




બેસણું

અમારા પિતાશ્રી ભાનુશંકર ચંદુલાલ આચાર્યનું દુઃખદ અવસાન તા. ૨૯/૧૦/૨૦૧૫ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્દગતનું બેસણું રવિવાર તા. ૧/૧૧/૨૦૧૫ના રોજ સવારે ૯થી ૧૧ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : રાધા એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧/૧, હરિનંદ ફલેટની બાજુમાં, વસંતકુંવરબા હાઈસ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર

લી.

ભરત બી. આચાર્ય દિપક બી. આચાર્ય


# સ્વચ્છતા અભિયાન માટે બ્રિટીશ યુનિવર્સિટી અને જીટીયુ વચ્ચે સમજુતિ

## વિદ્યાર્થીઓ આશરે ૩૬૦ ગામડાઓને આવરી લેશે : નર્સરી તેમજ ગ્રામીણ ગટરવ્યવસ્થા સહિતના સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરાશે : મેનેજમેન્ટ કોર્સમાં સંયુક્ત સંશાધન

અમદાવાદ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને બ્રિટનની મુલાકાતે જવાના છે. ત્યારે બ્રિટનની ડિ મોન્ટફોર્ટ યુનિવર્સિટી (ડીએમયુ)એ ભારતમાં કેટલાક કાર્યક્રમો હાથ ધરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. જે અંતર્ગત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) અને (ડીએમયુ) વચ્ચે અગાઉ થયેલા કરારની દિશામાં આગળ વધતા સ્ટાર્ટ અપ સિસ્ટમ અંતર્ગત એસ.એમ.ઈ નર્સરી અને ગ્રામીણ ગટરવ્યવસ્થા સહિત સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. તે ઉપરાંત મેનેજમેન્ટ કોર્સમાં સંયુક્ત સંશોધનો પણ કરવામાં આવશે. બ્રિટનથી આવેલા ડીએમયુના પ્રતિનિધિમંડળમાં વાઈસ ચાન્સેલર ડોમિનિક શેલાર્ડ, ડેપ્યુટી વાઈસ ચાન્સેલર એન્ડી કોલપ, વાઈસ ચાન્સેલર જેમ્સ ગાર્ડનર, યુનિવર્સિટીની ભારત ઓફિસના મેનેજર રણજીત સંપટ અને રિક્રુટમેન્ટ ઓફિસર ભરત ગઢીયાનો સમાવેશ થતો હતો. તેઓએ જીટીયુના વાઈસ ચાન્સેલર અક્ષય અગ્રવાલ ઈન્ચાર્જ રજીસ્ટ્રાર જે.સી.લિલાણી અને નાયબ નિયામક કેયુર દરજી સહિતની ટીમ સાથે ચર્ચા વિચારણ કરી હતી. જીટીયુ ચાંદખેડા કેમ્પસમાં યોજાયેલી બેઠકમાં ડીએમયુના વાઈસ ચાન્સેલરે જણાવ્યું હતું કે, ભારતના વડા પ્રધાને વર્ષ ૨૦૨૦ સુધીમાં ગ્રામવિસ્તારોને ગટરવ્યવસ્થાની સુવિધા પુરી પાડવાની જાહેરાત કરી છે. ગ્રામીણ ગટરવ્યવસ્થા સ્થાપવા આવશ્યક એન્જીનિયરીંગ જ્ઞાન પુરૂ પાડવા જીટીયુના સહયોગમાં કામ કરવા અમારા વિદ્યાર્થીઓ તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વકર્મા યોજના હેઠળ જીટીયુના પ્રોજેક્ટો હાથ ધરવા અને એસએમઈ નર્સરીમાં મદદ કરવા પણ તૈયારી બતાવી હતી. તેમણે જીટીયુના વિદ્યાર્થીઓ માટે બે શિષ્યવૃત્તિ આપવાની પણ જાહેરાત કરી હતી. બીજી બાજુ જીટીયુ તરફથી ડીએમયુને મેનેજમેન્ટ ક્ષેત્રે સંયુક્ત સંશોધનકાર્ય હાથ ધરવાનો પણ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. અગ્રવાલે જણાવ્યું હતું કે, જીટીયુ અને ડીએમયુના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ વિશે ઓનલાઈન વાતચીત કરી શકે એવી વ્યવસ્થ કરવી જોઈએ. આવી રીતે ભારત-બ્રિટન આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય પણ સાકાર થશે.


મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

લીકેજ-મુક્ત ઘરો માટે
ADITYA BIRLA GROUP
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧/૧૧ અને ૮/૧૧ને રવિવારે કેન્દ્રનું વેચાણ ચાલુ રહેશે.

મકાન વેચવાનું છે
૧૦૭, સર્વોદયનગર,
ગુ.હા. બોર્ડ,
સેક્ટર-૩૦, ગાંધીનગર
રૂબરૂ મળવાનો સમય
સોમથી શુક્ર સાંજે ૭ થી ૯
શનિ અને રવિ બપોરે ૩ થી ૮
ફોન : ૯૩૭૭૮ ૯૮૭૦૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com